વડીલોને વંદન અભિનંદન

જીતેન્દ્રકુમાર સી. ચતુર્વેદી
(૧૯૪૯)ફોન: ૨૩૨૮૯૪૮૫

મહેલાવ ગામે પાંચ વર્ષના બાળક પર ટ્રક ફરી વળતા મોત

તલોદ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના મહેલાવ ગામની સીમમાં ગતરોજ સાંજે થયેલા એક વાહન અકસ્માતમાં પ્રાંતિજના વણઝારા સમાજના એક શ્રમજીવી પરિવારના ૫ વર્ષની વયના બાળકનું ઘટનાસ્થળે જ અત્યંત કરૂણ હાલતમાં મોત નિપજ્યું હતું. રોડ સાઈડમાં આ બાળક ઉભો હતો ત્યારે દોડી આવતી ભારવાહક ટ્રકની જોરદાર ટક્કરનો તે ભોગ બન્યો હતો. ટ્રકચાલકની ભારે ગફલતને કારણે ટ્રકના પૈડા બાળકના દેહ ઉપર ફરી વળ્યા હતા. જ્યાં તેના દેહના ફુરચા ઉડી ગયા હતા અને ઘટનાસ્થળે લોહી-માંસના ઢગ ખડકાયા હતા. જેમાં પળવારમાં જ તે કણસતી હાલતમાં મોતને ભેટ્યો હતો. અકસ્માત બાદ ટ્રક આખી જ રોડ સાઈડની ચોકડીઓના ખાડામાં ધરબાઈ જઈ પડી હતી. જ્યાં જે તે સ્થિતિમાં ટ્રક છોડીને ટ્રકનો ચાલક ફરાર થઈ ગયો હતો. ઘટનાસ્થળે દોડી પહોંચેલા તલોદ પો.સ. ઈન્સ. એન.જી. ગોહિલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

મહેલાવ ગામે આવેલ રામદેવનગરમા રહેતા ઈશ્વરજી વણઝારાના પત્ની શારદાબહેન તલોદ તાલુકાના મહેલાવ પંથકમાં પાયાનું ખોદકામ કરવાની મજૂરી અર્થે ગત રોજ આવેલા હતા. શારદાબહેન સાથે તેમનો કાળજાના કટરા જેવો એકનો એક દિકરો પ્રહલાદ (ઉ.વ.આ. ૫) પણ અહિં આવ્યો હતો. સાંજે લગભગ ૪.૩૦ કલાકના સુમારે મહેલાવ પંથકના રોડ-માર્ગની એક સાઈડમાં પ્રહાલદને ઉભો રાખીને મનાય છે કે, તેની માતા શારદાબહેન રોડ સાઈડની ચોકડીઓ તરફ લઘુશંકાએ ગયા હતા ત્યારે ટીંબા ચાર રસ્તા તરફથી દોડી આવતી ટ્રક નં. જીજે-૯-ઝેડ-૩૧૮૨ નાચાલકની અતિ ભારે બેદરકારીને કારણે રોડ સાઈડમાં ઉભેલા પ્રહલાદને ટ્રકની જોરદાર ટક્કર લાગી હતી.

વાહન અકસ્માતમાં બાળકનું મોત થયાની ફરિયાદ મહેલાવ સરપંચ શેતાનસિંહ ચૌહાણે કરતા જ પો.સ.ઈન્સ. નિભિકાબા ગોહિલ સ્ટાફ સાથે ઘટનાસ્થળે દોડી પહોંચ્યા હતા. જ્યાંથી બાળકના મૃતદેહને તલોદ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી. અકસ્માત કરનાર ટ્રકનો કબજો મેળવી લઈ ગોહિલે ટ્રકચાલકની તલાશ જારી રાખી અકસ્માતે મોતના ગુનાની વિસ્તૃત તપાસ હાથ ધરી છે.

ભિલોડા તાલુકામાં વાદળછાયું વાતાવરણ:કમોસમી વરસાદના એંધાણ વર્તાતા ખેડુતો ચિંતાતુર

ભિલોડા, તા.૧૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં વાદળછાયું વાતાવરણ કમોસમી વરસાદના એંધાણ વર્તાતા ખેડુતો ચિંતાતુર બન્યા છે. ૨૧મી સદીના હાઈટેક યુગમાં ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરોના કારણે વાતાવરણમાં એકા-એક નાટ્યાત્મક રીતે અવાર-નવાર પલટો આવતા ખેડુતો, પશુપાલકો,પ્રજાજનો ઉપર વિપરીત અસરો વર્તાતી હોય છે. એક તરફ ઘઉં કાપવાની સીઝન તરફ ખેડુતો આગળ વધી રહ્યા છે ત્યારે વાતાવરણમાં નાટ્યાત્મક રીતે પલટો આવ્યા બાદ આકાશમાં ઘટાટોપ વાદળો ઘેરાતા કમોસમી વરસાદના એંધાણ વર્તાતા જગતનો તાત ભારે ચિંતાતુર બન્યો છે. અવાર-નવાર કમોસમી વરસાદ આવતા ખેડુતોને આર્થિક નુકશાન સહન કરવાનો વારો આવે છે ત્યારે ખેડુતો અને પશુપાલકોની આર્થિક કમર તુટી જાય છે.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત મોડાસા, ભિલોડા, બાયડ, મેઘરજ, માલપુર, શામળાજી, સુનોખ, ચિઠોડા પંથકમાં અવાર-નવાર વાતાવરણમાં નાટ્યાત્મક રીતે પલટો આવતો હોવાના કારણે ક્યારેક-ક્યારેક તીવ્ર કાતીલ ઠંડી, અસહ્ય કાળઝાળ ગરમી, કમોસમી વરસાદ આવતો હોય છે .પ્રજાજનો, પશુ-પંખી, ઢોર-ઢાંખર, ખેતી ઉપર વિપરીત અસરો વર્તાતી હોય છે. વાદળછાયું વાતાવરણ હોવાના કારણે શરદી, ઉધરસ,તાવ સહિત વિવિધ પ્રકારની બિમારીઓમાં પ્રજાજનો સપડાતા હોય છે ત્યારે ઠેર-ઠેર દવાખાનાઓ દર્દીઓથી ઉભરાતા હોય છે. ડૉક્ટરો, ઉંટવૈદીયા ડૉક્ટરો અને મેડીકલ સ્ટોર્સ ધરાવતા વેપારીઓને ઘી-કેળા થઈ જતા હશે જેના કારણે પ્રજાજનોને આર્થિક ફટકો સહન કરવાનો વારો આવતો હોય છે.

આગીયાની પરિણીતાએ ઝેરી દવા પી જીવન ટુંકાવ્યું

ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામની મહિલા ભાવનાબેન રાજેન્દ્રસિંહ દેવડા (ઉ.વ.૨૫)એ તા. ૧૨-૩-૧૪ના રોજ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતાં નવજીવન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ જયાં વધુ તબીયત બગડતા ઈડર રીફર કરવામાં આવેલ રસ્તામાં મરણ થતાં ખેડબ્રહ્મા ખાતે પી.એમ. માટે લાવવામાં આવેલ ખેડબ્રહ્મા પોલીસે અકસ્માતે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

ધાનેરા-જાડી વચ્ચે ટ્રેન નીચે આવી જતા મહીલાનુ મોત

ધનસુરા, તા. ૧૨

ધાનેરા-જાડી વચ્ચે કોઈ મહિલા ટ્રેન નીચે આવી જતા તેનું મોત નિપજ્યુ હતું. ઘટનાની જાણ ધાનેરા પોલીસને કરાતા ધાનેરા પોલીસે ઘટનાસ્થળે જઈ મૃતદેહને ધાનેરાથી રેફરલ હોસ્પિટલમા ઓળખવિધિ કરવા માટે મુકી હતી પરંતુ મોડી રાત સુધી તેની કોઈ ઓળખાણ થઈ ન હતી. બીજા દિવસે તેના પરિવારજનો આવતા મૃતદેહનું પી.એમ. કરી મૃતદેહને પરિવારજનોને સોંપવામાં આવી હતી. જાડી ગામની પરણિત મહિલા સવિતાબેન દશરથભાઈ ઠાકોર ઉં.વ. ૩૪ જેને ગઈકાલે ટ્રેન નીચે પડતુ મુકી આત્મહત્યા કરી હતી. મૃતદેહનું પી.એમ. કરી મૃતદેહ વાલીવારસોને સોંપી આગળની તપાસ હાથ ધરી હતી.

નારણપુર-નારસોલી ગ્રૃપ ગ્રામ પંચાયત મતવિસ્તારમાં વર્ષોથી સ્ટ્રીટ લાઈટો બંધ : પ્રજાજનો હેરાન-પરેશાન

ભિલોડા,તા.૧૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નારણપુર-નારસોલી ગ્રૃપ ગ્રામ પંચાયત મતવિસ્તારમાં વર્ષોથી સ્ટ્રીટ લાઈટો બંધ છે.સ્ટ્રીટ લાઈટોના પાંજરા શોભાના ગાંઠીયા સમાન પુરવાર થઈ રહ્યા છે.નારણપુર-નારસોલી ગામમાં વર્ષોથી સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં છે ત્યારે ગામમાં રોજ રાત્રે અંધારપટ જોવા મળતો હોય છે. નારણપુર-નારસોલી ગામના જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ નારણપુર-નારસોલી ગામના પ્રજાજનો મોટા ભાગે નિયમીત વેરો ભરતા હોવા છતાં ક્યાં કારણોસર સ્ટ્રીટ લાઈટો વર્ષોથી કેમ બંધ હાલતમાં છે તે સમજાતું નથી.

નારણપુર-નારસોલી ગામના પ્રજાજનો એક તરફી પક્ષને ખોબલે-ખોબલા મત આપતા હોય છે પરંતુ રાજકીય પક્ષના નેતાઓ માત્રને માત્ર વોટ મળી ગયા પછી આ વિસ્તારના લોકોની પ્રાથમીક પાયાની સુવિધાઓ આપવામાં કેમ વિલંબ કરવામાં આવતો હશે ? પ્રજાજનોને હવે તો સમજાતું નથી.નારણપુર-નારસોલી ગામના એક જાગૃત નાગરીક ધ્વારા જાણવા મળ્યું છે કે નારણપુર-નારસોલી ગામને યોગ્ય પાયાની સુવિધાઓ પુરી પાડવામાં નહી આવે તો ચુંટણી બહિષ્કાર કરવાનું રણશીંગુ ટુંક સમયમાં ફુકવામાં આવશે તેમ લોકમુખે જાણવા મળેલ છે. નારણપુર-નારસોલી ગ્રૃપ ગ્રામ પંચાયત મતવિસ્તારમાં વર્ષોથી સ્ટ્રીટ લાઈટો બંધ છે ત્યારે સત્વરે સ્ટ્રીટ લાઈટો ચાલું કરવામાં આવે તેવી પ્રજાજનોની પ્રબળ માંગણી છે.

વાંકાનેર ગામમાં શ્રી રામદેવજી અને શ્રી ભાથીજી મહારાજ મંદિમાં સંત મેડાવડાનો કાર્યક્રમ યોજાશે

ભિલોડા, તા.૧૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંકાનેર ગામમાં શ્રી રામદેવજી અને શ્રી ભાથીજી મહારાજ મંદીર ચોકમાં સંત મેડાવડાનો કાર્યક્રમ યોજાશે. સેવાભાવી કાર્યકરોના જણાવ્યા મુજબ તા.૧૩/૩/૨૦૧૪ ને ગુરૂવારના રોજ રાત્રે ૯ વાગ્યાના સુમારે ભિલોડા તાલુકાના વક્તાપુરવાળા લાલજી મહારાજ વ્યાસપીઠ ઉપરથી ભાવિક-ભક્તોને ભક્તિમય રસપાન કરાવશે ભાવિક-ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવાના છે. શ્રી રામદેવજી અને શ્રી ભાથીજી મહારાજ મંદીર ચોકમાં સંત મેડાવડાના કાર્યક્રમ પ્રસંગને સફળ બનાવવા વાંકાનેર ગ્રામજનો, ભાવિક-ભક્તો જહેમત ઉઠાવી રહ્યા છે.

જીએસએફસી દ્વારા દશેલા ખાતે ખાસ પાક નિદર્શન સભા યોજવામાં આવી

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કંપની દ્વારા ગાંધીનગર તાલુકાના દશેલા ગામે હાઈબ્રીડ દિવેલા પાક નિદર્શન સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિદર્શન માટે કંપનીના અમદાવાદના એરિયા મેનેજર વી.જે. વાઘવાણી ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં દશેલા, છાલા, ગિયોડ, હાલીસા, ધણપ, કાનપુર અને આજુબાજુના ગામના ૧૫૦થી વધુ ખેડૂતો જોડાયા હતા.

આ નિદર્શન સભામાં ખેડૂતોને આધુનિક ખેતીમાં ધ્યાનમાં લેવાના મુદ્દા જેવા કે પાકમાં યોગ્ય જાતની પસંદગી, રાસાયણિક ખાતરોનો કાર્યક્ષમ ઉપયોગ, પાકમાં રોગ-જીવાત નિયંત્રણ, જમીન તેમજ પાણીના પૃથક્કરણનું મહત્વ, પાકને જરૂરી એવા સૂક્ષ્મ તેમજ જૈવિક ખાતરોની મહત્વતા તેમજ ટપક સિંચાઈ પધ્ધતિની ઉપયોગીતા અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ સભામાં જીએસએફસી કંપનીના અમદાવાદ ખાતેના રીજીયોનલ મેનેજર બી.પી. કટારીયા, એરિયા મેનેજર વિષ્ણુભાઈ તેમજ વડોદરા ખાતેના ડેપ્યુટી મેનેજર જીગરભાઈ પટેલ અને અતુલભાઈ દવે સહિત ચિલોડા ખાતેના ડેપો મેનેજર વી.જી. પટેલ અને તાલુકા સંઘના મણીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

અમદાવાદમાં ૧૫ માર્ચના રોજ નેશનલ માઈનોરિટી કોન્ફરન્સ

ઈસ્લામના મૂળભૂત સિદ્ધાંતોથી દૂર થઈ ગયેલા મુસ્લમાનોને જાગૃત કરી પુનઃ શાંતિ, એકતા અને ભાઈચારાની ભાવના ઉજાગર કરવાના શુભ ઉદ્દેશ્યથી કેરળ સ્થિત મરકઝુસ સકાફથીસ્સુન્નિયાના ગુજરાત મરકઝ દ્વારા આગામી તા. ૧૫ માર્ચના રોજ અમદાવાદમાં શાહેઆલમ ટોલનાકા નજીક આવેલ એમ.એસ. ગ્રાઉન્ડમાં નેશનલ માઈનોરિટી કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કેરળ સ્થિત મરકઝના સેક્રેટરી શેખ અબુબકર અહમદ ઉપસ્થિત રહી સંબોધન કરશે.

મુસ્લિમોમાં સામાજિક, આર્થિક, ધાર્મિક અને ખાસ કરીને શૈક્ષણિક ક્રાંતિ લાવનાર મરકઝુસ સકાફથીસ્સુન્નિયા ૧૯૭૮ થી કેરળના કાલીકટ સ્થિત કરનપુર શહેરમાં કાર્યરત છે. કેરળમાં આ સંસ્થાએ જબરદસ્ત ક્રાંતિ લાવ્યા બાદ તેની પ્રવૃત્તિઓને વિસ્તારી અનાથ બાળકોઅને બાળકીઓની સાર સંભાળ, બેસહારા મહિલાઓ માટેની કોલેજ, આઈ.ટી.આઈ., હિરઝુલ કુરૂઆન એકેડમી હોસ્પિટલ, શરીઆહ કોલેજ, આર્ટસ અને સાયન્સ કોલેજ, ઈસ્લામિક આર્ટસ કોલેજ, હાથસાળ તાલીમ સેન્ટર જેવી અનેક પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે. મરકઝે તેની પ્રવૃત્તિને કેરળ સુધી સિમિત ન રાખતા દિલ્હી, પિલિભિત, કર્ણાટકના મૈસુર, બેંગલોર, હુબલી તથા મુંબઈ, કોલકાતા, આસામ, ત્રિપુરા, તામિલનાડુ, કાશ્મીર ઉપરાંત ગુજરાતમાં રાજકોટ અને ગોંડલ ખાતે સ્કૂલ અને મદ્રસા સ્થાપ્યા છે. આ મરકઝના નેજા હેઠળ ગુજાતમાં ૫ સ્કૂલ અને ૫૦ મદ્રસા કાર્યરત છે.

ત્રિપલ અકસ્માત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રમેશભાઈ સેનમા તથા તેમના બે મિત્રો ચિંતનભાઈ જયેશભાઈ વ્યાસ અને હિતેશભાઈ લલીતભાઈ શેઠ ત્રણેય મિત્રો અમદાવાદથી ઈન્ડીકા ગાડી નં. જીજે ૧૮ એ.એચ. ૬૬૨૩ લઈને ઉવારસદ ગયા હતાં. ઉવારસદથી પરતફરતી વખતેઅડાલજ ગામની સીમ આગળ શાળા સામે રસ્તા પર બેફામ જતી કર્ણાવતી ડેન્ટલ કોલેજની મીની લકઝરીએ ઈન્ડીકાને જબરદસ્ત ટકકર મારતાઈન્ડીકાફંગોળાઈનેઆગળજતી એક ટાટા ૯૦૯ ટ્રક પાછળ ઘુસી ગઈ હતી. ઈન્ડીકા અને ટ્રક રસ્તાની આડમાં ઉતરી ગયા હતાં. ઈન્ડીકાનો ફુરચો બોલી ગયો હતો. આ અકસ્માતમાં દર્શનભાઈ સેનમાનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. જયારે અન્ય બે મિત્રોને ગંભીર હાલતમાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અડાલજ પોલીસે મૃતક દર્શનના કાકાના દિકરા હિતેશ સોલંકીની ફરિયાદ લઈ મીની લકઝરીના ચાલક સામે ગુનો દાખલ કરી પીએસઆઈ ભૂપતસિંહે ઉંડી તપાસ હાથ ધરી છે.

ટેલીફોન એડવાઈઝરી કમિટિમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તરીકે નિમણુંક કરવામાં આવેલ છે.

તેમજ જિલ્લા, રાજય અને ભારત સરકારમાં સહકારી આગેવાન તરીકે તેમજ કુભકો નવી દિલ્હી ડિરેકટરની કામગીરીની કદર કરી શ્રી પરેશભાઈ પટેલની પણ ભારત સરકારશ્રી દ્વારા ટેલીફોન એડવાઈઝરી કમિટીમાં મેમ્બર તરીકે નિમણુંક કરવામાં આવેલ છે તે બદલ ભારત સરકારશ્રી નવી દિલ્હીનો ખુબ ખુબ આભાર માનવામાં આવે છે.

ટીમના અધ્યક્ષ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિયંત્રણ સમિતિ એમસીએમસીની રચના કરવામાં આવી છે. એમસીએમસી ઉમેદવારો દ્વારા આપવામાં આવતી પેઈડ ન્યુઝની બાબતો ઉપર બાજ નજર રાખી તેનું નિરીક્ષણ કરશે અને તેને નિયંત્રણ કરવાની કામગીરી કરશે .

તેમણે કહ્યું કે, જિલ્લા સ્તરીય માધ્યમ પ્રમાણિકરણ અને દેખરેખ સમિતિ (એમસીએમસી)માં જિલ્લા ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી, ભારત સરકારનાં માહિતી અને પ્રસારણ મંત્રાલયના અધિકારી, નિષ્પક્ષ નાગરિક અથવા વરિષ્ઠ પત્રકાર અને જિલ્લા માહિતી અધિકારીનો સમાવેશ થાય છે.

પ્રસ્તુત સમિતિ બે પ્રકારની મુખ્ય કામગીરી કરશે જેમાં વિજ્ઞાનપનોનું પ્રમાણિકરણ તથા પેઈડ ન્યુઝ સંબંધી તમામ ફરીયાદોની ચકાસણીનો સમાવેશ થાય છે. માધ્યમો સંબંધી વિનિયમોનો અમલ કરાવવામાં પણ આ સમિતિ સહાયભૂત બનશે એમ તેમણે ઉમેર્યુહતું. શ્રીમતી કરવલે કહ્યું કે, સમાચાર પત્રો, પ્રિન્ટ મીડીયા, ઈલેક્ટ્રોનિક મિડીયા, કેબલ નેટવર્ક, ઈન્ટરનેટ અને મોબાઈલ નેટવર્ક વગેરે તમામ માધ્યમો ઉપર એમસીએમસી ચાંપતી નજર રાખશે.

રાજ્યકક્ષાની એમસીએમસી વિશે વિગતો આપતાં તેમણે કહ્યું કે, રાજ્યનાં મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીનાં અધ્યક્ષસ્થાને છ સભ્યોની બનેલી એમસીએમસી સમિતિ ઉમેદવારો તેમજ રાજકીય પક્ષોના પ્રચાર-પ્રસારની તમામ ગતિવિધિઓ ઉપર ઝીણવટભરી નજર રાખશે. રાજ્યસ્તરની એમસીએમસી સમિતિમાં ભારતના ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત નિરીક્ષક, એક નિષ્ણાંત, ભારતીય માહિતી સેવાના અધિકારીઓ, વરિષ્ઠ નાગરિક અને અધિક/સંયુક્ત/મુખ્ય નિર્વાચન અધિકારીનો રાજ્યસ્તરની એમસીએમસીમાં સમાવેશ થાય છે. આ એમસીએમસી સમિતિ જિલ્લા એમસીએમસી સમિતિ અને રાજ્ય વિજ્ઞાપનો પ્રમાણિત સમિતિ બન્ને સમિતિઓ સામેની અપીલનો નિર્ણય કરશે અને જિલ્લા એમસીએમસીના પેઈડ ન્યુઝના તમામ કેસોની તપાસ અથવા સ્વયં હાથ ધરી શકાય એવા કેસોના સંદર્ભમાં ઉમેદવારોને નોટીસ ઈસ્યુ કરવાની સૂચનાઓ આપશે.

મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે, ગાંધીનગર લોકસભા મતવિભાગ ચૂંટણી અધિકારીશ્રીના અધ્યક્ષપદે નિયુક્ત રાજ્યકક્ષાની સમિતિ રાજકીય પક્ષોની વિજાણુ વિજ્ઞાપનોના પ્રમાણિકરણની કામગીરી કરશે. આ સમિતિમાં સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી ઉપરાંત દુરદર્શન કેન્દ્ર, અમદાવાદના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલશ્રી, દુરદર્શન કેન્દ્ર, અમદાવાદના પ્રોગ્રામ એક્ઝીક્યુટીવનો સમાવેશ થાય છે. ઉમેદવારોની વિજાણુ વિજ્ઞાનપનો માટે જિલ્લા સ્તરીય એમસીએમસી પાસે તેમની વિજ્ઞાનપન પ્રમાણીત કરાવવાની રહેશે.

પરીક્ષાનો પ્રારંભ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેન્દ્રો પર આકસ્મિક ચકાસણી માટે વર્ગ-૧ ના અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને પરીક્ષા સંબંધી ખોટી અફવા ફેલાવતા તત્વોથી ગેરમાર્ગે ન દોરાવવા પણ જણાવાયું છે. ભય વિના શાંત ચિત્તે પરીક્ષા આપવા વિદ્યાર્થીઓને જણાવાયું છે. વધુમાં આ મામલે જરૂર પડે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે કન્ટ્રોલરૂમનો ફોન નં. ૨૩૨-૨૦૩૧૪ તેમજ ૨૩૨-૫૯૦૬૬ પર સંપર્ક કરવા જણાવાયું છે. પરીક્ષાના સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રો આસપાસ ટ્રાફિકના લીધે અવ્યવસ્થા ન સર્જાય તે માટે યોગ્ય ટ્રાફિક સંચાલન માટે પણ પોલીસતંત્રને જાણ કરી દેવાઈ છે. વિકલાંગ વિદ્યાર્થીઓ માટે સે. ૮ સ્થિત સેન્ટ ઝેવિયર્સ શાળામાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પુરુ પાડવા શિક્ષકોની હેલ્પલાઈન પણ કાર્યરત છે.

વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં પરીક્ષા સમિતિની બેઠક પણ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન પરીક્ષાના શાંતિપૂર્ણ આયોજનને લઈ મહત્વના નિર્ણયો લેવાયા હતા. પરીક્ષા દરમિયાન પ્રથમવાર સરકારી પ્રતિનિધિઓ છે. સ્કવોર્ડના સભ્યોને પણ મોબાઈલ સાથે ન રાખવા સૂચના આપી દેવાઈ છે. પરીક્ષા કેન્દ્રોને મોબાઈલ ફ્રી રાખવા આદેશ કરાયો છે. આ ઉપરાંત પરીક્ષા કેન્દ્રો પર સી.સી. ટીવી કેમેરાના આધારે તૈયાર કરાયેલી ફૂટેજની સીડીની ચકાસણી બાદ શંકાસ્પદ હીલચાલ માલુમ પડશે તો જવાબદાર સામે કાર્યવાહી હાથ ધરાશે. આ ઉપરાંત પરીક્ષા સ્થળો આસપાસના ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવાનો પણ અમલ થશે. જ્યારે પરીક્ષા કેન્દ્રો ઉપર પણ ઝેરોક્ષ, ફેક્સ તેમજ ઈન્ટરનેટ બંધ રાખવા આદેશ કરાયો છે. વધુમાં કોઈપણ પ્રકારની ગેરરીતીને અવકાશ ન મળે તે માટે જે તે વિષયની પરીક્ષા દરમિયાન સંબંધિત શિક્ષકોની જિલ્લા કક્ષાએ જ પેપર સહ રચના અંગે તાલીમ યોજવામાં આવશે. જિલ્લાના પરીક્ષા કેન્દ્રો આસપાસ કલમ ૧૪૪ના જાહેરનામાનો અમલ કરવામાં આવશે. પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણતંત્રની કચેરીને કન્ટ્રોલ રૂમ પણ શરૂ કરી દેવાયો છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે શિક્ષકોની હેલ્પલાઈન પણ શરૂ કરી દેવાઈ છે.

સંવેદનશીલ મતદાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચૂંટણીમાં બે નંબરી નાણાંનો દુરુપયોગને અટકાવવા માટે પંચ કટિબધ્ધ બન્યું છે અને એટલે જ ખર્ચ વ્યવસ્થાપન નિયંત્રણ ઉપરાંત હવે આર્થિક રીતે સંવેદનશીલ મતદાન મથકો પણ અલગ તારવવામાં આવશે.

ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં આ માટે ખાસ જાગૃતિ સ્કવોડ રચાશે જેમાં સરકારના નિવૃત્ત કર્મચારીઓ, પત્રકારો, શિક્ષણકારો વિદ્યાર્થી સંગઠ્ઠનો એન.એસ.એસ. અને એન.સી.સી.ના કેડેટસને સમાવવા ઉપરાંત બે મહિલા સભ્યોને પણ સ્થાન આપવામાં આવશે.

આ સ્કવોડના રિપોર્ટની જાણ ખર્ચ ઓબ્ઝર્વરને આપવામાં આવશે. આ સ્કવોડના સભ્યોના નંબરો કમ્પ્લેઈન મોનીટરીંગ સેલને પણ આપવામાં આવશે. જેથી તેમની ફરિયાદ મળેથી અતિ ગંભીરતાથી અધિકારીઓ તપાસ હાથ ધરશે. આ સૂચના હજુ હમણાં જ મળી હોવાથી આવા મતદાન મથકો અલગ તારવવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે અને તે આ સપ્તાહના અંત સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે.

અંતિમ ઓપ અપાયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સહિત તમામ ૨૬ બેઠકોના ઉમેદવારોની પસંદગીની પ્રાથમિક પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતીઆ પસંદગીની પ્રક્રિયા દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી માટે ખાસ કરીને ગાંધીનગર તથા અમદાવાદ પૂર્વની બેઠક પરથી ચૂંટણી લડવા સ્થાનિક સ્તરેથી ઉઠેલી માંગણી અંગે પણ ગહન ચર્ચા કરવામાં આવી હતી. અત્રે એ ઉલ્લેખનીય છે કે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ઉત્તર પ્રદેશની વારાણસી બેઠક પરથી ચૂંટણી લડાવવા ભાજપના વયોવૃદ્ધ નેતા ડો. મુરલી મનોહર જોશીને ત્યાંથી હટાવવા પડે તેમ છે તેવી જ રીતે અમદાવાદ પૂર્વની બેઠક પરથી પણ મોદીને ચૂંટણી લડાવવા આ વિસ્તારના સાંસદ હરિન પાઠકની ટિકીટ કાપવી પડે તેવી સ્થિતિ હોવાથી નરેન્દ્ર મોદી માટે ભાજપના બબ્બેબ્રાહ્મણ આગેવાનોનો ભોગ લેવાનો હોવાથી ભાજપની બ્રાહ્મણ લોબીમાં જબરજસ્ત ખળભળાટ ફેલાયો છે

શબ્દાવલી - ૫૩૩૭

૧	૨	૩		■	■	૪	૫
૬			■	૭	૮		
	■	■	૯				
૧૦	૧૧	■	૧૨			■	■
૧૩				■	■	૧૪	૧૫
■			૧૬		૧૭	■	
૧૮		૧૯		■	૨૦	૨૧	
	■	૨૨			■	૨૩	

આડી ચાવી

૧. કોહવાયેલું, સડો (૪)
૪. ઉટક, માંઝ, સણ... (૨)
૬. તેજની રેખા, રશ્મિ (૩)
૭. દુઃખ, શોક (૪)
૯. ખુબ સરસ, ફેન્ટાસ્ટીક(૫)
૧૦. પતિ, વર (૨)
૧૨. વચેટ, ઝગડાની પતાવટ કરાવનાર (૩)
૧૩. બરોબર, વ્યવસ્થિત ગોઠવાયેલ (૪)
૧૪. ડ્રેક (૨)
૧૬. નમકહરામ, દગો દે તેવું(૩)
૧૮. નક્કર, મજબૂત (૪)
૨૦. ચુકો, તંબાકુ (૩)
૨૨. વાનર, વાંદરૂં (૩)
૨૩. ખગ, પંખી (૨)

ઊભી ચાવી

૧. મધુર કંઠ (અવાજ) વાળી(૫)
૨. બધી, બધા, સર (૨)
૩. ખાટલામાં ભરાય તે પાટી(૨)
૪. ખરાબ, હલકુ, કોઇ વિશે... બોલવું (૩)
૫. આવાસ, નિવાસ (૩)
૭. ખોટી વાતનો ફેલાવો (૩)
૮. ગાંધીનગર-ચિલોડા નજીકનું એક ગામ (૩)
૯. દેશ-પરદેશ (૬)
૧૧. થાક, શ્રમ (૪)
૧૫. ડબે પડખે, આડા પડવું તે(૪)
૧૭. તલ્લીન, મગ્ન (૨)
૧૮. પત્ર, કાગળ (૨)
૧૯. પરવા, ફિકર (૨)
૨૧. લંબાઇ-પહોળાઇ વજનનું પ્રમાણ (૨)

શબ્દાવલી ૫૩૩૬ના જવાબ

આડી ચાવી :- (૧) કિસાન (૨) ખોફનાક (૫) જડિ (૬) મઠ (૭) યોગ્ય (૮) વાયા (૯) રણ (૧૦) બરબાદ (૧૩) અદા (૧૫) હાથલારી (૧૬) સ્વા (૧૭) પેન્ટ (૧૮) વરદાયી (૧૯) હંટર

ઊભી ચાવી :- (૨) કિમિયો (૨) ખોડિયાર (૩) નામરદ (૪) કઠણ (૫) જવાબદારી (૧૧) બારૂદ (૧૨) મહાદેવ (૧૩) અલાયદા (૧૪) પેઇન્ટર (૧૭) પેટ

કંપની સમાચાર

બજાજ દ્વારા નવી ડીસ્કવર-૧૨૫ની રજૂઆત

નવી ડીસ્કવર ૧૨૫ સવારીના એક નવા યુગનો પ્રારંભ કરી રહી છે. સ્ટાઈલ, પાવર અને ટેકનોલોજીનો અદ્‌ભુત સમન્વય ધરાવતી નવી ડીસ્કવર-૧૨૫ અન્ય કમ્પ્યુટર બાઈક કરતાં ઘણી વિશેષતાઓ ધરાવે છે. આ નવી ડીસ્કવર બાઈક તેના વર્ગમાં પાવર, પીકઅપ અને હંકારવાની શ્રેષ્ઠ ક્ષમતા પૂરી પાડે છે. 4 Valve DTS-i એન્જિન ધરાવતી આ બાઈક તેના વર્ગમાં સરસાઈ ધરાવતા ૧૧.૫ પીએસ પાવર સાથે રોમાંચક અને આનંદદાયક સવારી પૂરી પાડે છે.નવી ડીસ્કવર-૧૨૫ એક મજબૂત અને સ્પોર્ટી બાઈક છે, જે મજબૂત ટાંકી ધરાવવા ઉપરાંત સુંદર હેડ લેમ્પ ધરાવે છે. ડીસ્કવર-૧૨૫ એમ કે જે, પેટલ ડીસ્ક બ્રેક અને સ્ટાઈલીશ એલોય વ્હીલ્સથી સજ્જ છે. નાઈટ્રોકસ સસ્પેન્શનને કારણે તે અનોખો આરામ પૂરો પાડે છે. આ નવી ડીસ્કરવ ૧૨૫, ૧૦૦ સીસી જેટલી જ માઈલેજ આપે છે.

ટચૂકડી જાહેર ખબર
ON RENT
2 BHK FLAT
on RENT
At SWAGAT, KH-0
(For Family)
Mo. 9408896622
Ph. : 23229860

મેડીકલેઈમ
આખી કુટુંબનો મેડીકલેઈમ કરાવો અને ભવિષ્યમાં આવનારા હોસ્પિટલના મોટા ખર્ચાઓ સામે રક્ષણ મેળવો.
સીનીયર સીટી